શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય

**ચાલો પ્રવાસે ગ્રંથમાળા**

બાળપ્રવાસો
ગુજરાત–મહારાષ્ટ્ર
દાદા દર્શને
ગિરિ શિખરો
આફ્રિકા સાંભર્યું
ફરવા જઈએ
રોજનીશી
ખળાવાડ અને

◻


આવા અન્ય રસ ભરપૂર
નીચેના સેટો પણ વસાવો

◻

હાસ્ય વિનોદ ગ્રંથમાળા
ગાતી ગ્રંથમાળા
અવલોકન ગ્રંથમાળા
રમ્યકથા ગ્રંથમાળા
કથાનાટ્ય ગ્રંથમાળા
પશુપક્ષી ગ્રંથમાળા
જીવનચરિત્ર ગ્રંથમાળા
જ્ઞાનવર્ધક ગ્રંથમાળા
પાઠપોથી ગ્રંથમાળા

સેટનું મૂલ્ય રૂ. ૧૬–૦૦

આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨ ◻ અમદાવાદ–૧




શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

# ચાલો પ્રવાસે

## ગ્રંથમાળા

સંપાદકો : ગિજુભાઇ
અને તારાબેન

## દાદા દર્શને



શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

ચાલો પ્રવાસે ગ્રંથમાળા

•

# દાદા દર્શને

લેખક

ગિજુભાઈ

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨ : ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**પ્રકાશક**
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૪૦૦ ૦૦૨
અમદાવાદ–૩૮૦ ૦૦૧

© પ્રકાશકના

પુનઃ સંપાદિત
પુનર્મુદ્રણ
જાન્યુઆરી ૧૯૮૨

પ્રત : ૧૧૫૦

સેટનું મૂલ્ય રૂા. ૧૬–૦૦
[ આઠ પુસ્તકો ]

**મુદ્રક**
જુગલદાસ સી. મહેતા
પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી
સોનગઢ ૩૬૪૨૫૦

# દાદા દર્શને

સાંજ પડે ને દાદા દર્શને જાય. માથે પાઘડી, પગમાં જોડા, હાથમાં લાકડી ને ખભે ખેસ હોય.

દાદા ઘરના દેવને પહેલાં નમે. ઘરના દેવ ફળિયામાં હતા : તુલસીના ક્યારા પાસે, શિવ-લિંગની ફરતા; શંખ, ચક્ર ને વિષ્ણુ.

દાદા ઠસરપસર કરતા ચાલે. દાદાના જોડા જૂના હતા.

દાદા ભટજીના દેવને નમે. ભટજીના દેવ શેરીમાં હતા. મોટું એવું શિવલિંગ, મોટા બધો શંખ ને માથે મોરિયાની ગળતી.

દાદા લાકડી ઠપકારતા ચાલે. દાદાની લાકડી ખોખરી હતી.

દાદા ચોરાના દેવને નમે. ચોરો એટલે મંદિર. મંદિર શેરીને નાકે હતું. મંદિરમાં રાધા ને શ્રીકૃષ્ણ હતાં. શ્રીકૃષ્ણના હાથમાં મોરલી ને રાધાના હાથણાં કમળ. મંદિર મોરલીધરનું કહેવાતું.

---

મોરિયો=માટીનો નાનો ઘડો

દાદા ચોરા ઉપર ચડે; પગરખાં ઉતારે, લાકડી ખૂણામાં મૂકે, જે મોરલીધર ! કહીને પાઘડી ઉતારે ને પગે લાગે.

બાવો કહેશે : "રામાદાદા ! જે શ્રીકૃષ્ણ."

દાદા કહેશે : "જે મોરલીધર."

દાદા ચોરેથી ઊતરી માતાજીએ જાય : બહુચરાજી માતાને મંદિર. મંદિરમાં આરતી થતી હોય, ઝાલર ટણિંગ ટણિંગ થતી હોય; નગારું ધણુણુણુ ધડિંગ, ધણુણુણુ ધડિંગ ધણુધણુતું હોય; ટપાક ટપાક તાળીઓ પડતી હોય, ને આરતી ગવાતી હોય.

દાદા 'જે અંબે !' 'અંબે માતકી જે!' કહેતા મંદિરને પગથિયે ચડે, માને પારે માથું નમાવે, આરતી લે, નગારું વગાડે, ટોકરો ટનટનાવે ને ચાલી નીકળે.

પછી દાદા રામમંદિરે જાય; રામસીતાનાં દર્શન કરે. રૂપાળા રામ ને રૂપાળાં સીતાજી. દાદા હેઠાબેસી રામનામની માળા ફેરવે, રામકથા સાંભળે, પ્રસાદ લ્યે ને ઘરભણી પાછા વળે.

---

પારે=ચણેલા ઓટલા ઉપર, પગ પાસે



સાંજ પડચે દાદા દર્શન કરવા નીકળે.

રાત પડચે દાદા પાછા ફરે : માથે પાઘડી, હાથમાં લાકડી, પગમાં જોડા ને ખભે ખેસ. રામાદાદા રોજ દર્શને જાય, રોજ પાછા ફરે.

★

# કાશી માશી

બાને ત્રણ બહેનો હતી. એકનું નામ વિજયા, બીજીનું નામ ગંગા ને ત્રીજીનું નામ કાશી. વિજયા માશી સૌથી મોટાં ને કાશી માશી સૌથી નાનાં.

માશી અમારે ત્યાં જ રહેતાં ને મારી સાથે ભણતાં. એના ગામમાં નિશાળ નહોતી.

કાશી માશી મારા જેવડાં ને હું કાશી માશી જેવડો. બેઉ દસ વરસનાં. બા કહેતાં : "બંને છપ્પનિયામાં જન્મેલાં."

અમે તો સાથે ભણીએ, સાથે રમીએ ને સાથે ખાઈએ. કોઈ અજાણ્યું અમને માશી-ભાણેજ ન ધારે. કહે : "હશે એ તો ભાઈબહેન."

ને અમે હતાં યે ભાઈબહેન જેવાં. કાશી માશી મારાં માશી એટલે 'લાવો લ્યો' મારે કહેવું જોઈએ ખરું, પણ હું વારે વારે ભૂલી જાઉં ને કહી દઉં : "એ કાશી! આમ આવ."

ને સાથે રહીએ એટલે કોઈ દિવસ તો લડી યે પડાય. પછી માશીબાશી એના ઘરનાં ને "એં....એં....એં....અમને કાશલીએ માર્યું!"



એમ કહીને હું બાને કહું. ત્યાં તો માશી આવે ને કહેશે : "તારો ચંદિયો એવો જ છે."

પણ થોડી વાર થાય ત્યાં તો કાશી માશી ને ચંદુભાઈ પાછાં રમવા માંડે!

કાશી માશી છ ચોપડી ભણ્યાં ને એને ઘેર ગયાં. એનું ઘર એટલે બાનું પિયર ને મારું મોસાળ. પછી તો હું એકલો થઈ ગયો. મને તો માશી સાંભરે, પણ શું કરું? ગૂંદી ઉપર ચડું ને માશીબા સાંભરે. મારે એકલાને ગૂંદાં ઉતારવાં ને એકલાને ખાવાં.

દેવમંદિર ફરું ને માશીબા સાંભરે. મારે એકલાને ફૂલો લાવવાં ને દેવને નવરાવવા.

પણ બે-ચાર મહિને માશીબા આવી જાય ને બે-ચાર મહિને હું પણ જઈ આવું.

માશીભાણેજ કાંઈ રાજી થઈએ! પછી તો માશીબા મોટાં થયાં ને પરણ્યાં ને સાસરે ગયાં; ને પછી તો હું પણ મોટો થયો ને ભણ્યો ને પરદેશ ગયો.

પરદેશમાં માશીબા સાંભર્યાં ને આ બધું લખી નાખ્યું.

☆

# હીરા કાકા

હીરા કાકા બાપુના નાના ભાઈ. બાપુ ને એ પાંચ ભાઈ. હીરા કાકા સૌથી નાના. હીરા કાકા મારાથી મોટા અને જીવીબહેનથી નાના.

હીરા કાકા બાને ભાભી કહે ને બાપુને ભાઈ કહે; મને તો તુંકારે બોલાવે. મારા તો એ કાકા એટલે મારે તો 'લાવો લ્યો' એમ જ કહેવાય.

બાને હીરા કાકા બહુ વહાલા. હીરા કાકા વિના એને ઘડી યે ન ગમે. ક્યાંક કાકા ગયા હોય તો તરત બા કહે: "જો ને ભાઈ! હીરા કાકાને બોલાવ તો!" હીરા કાકા ને બા સરખાં સરખાં લાગે. બાપુ જમીને ગામમાં જાય ને હીરા કાકા નિશાળેથી ઘેર આવે.

હું, બા ને હીરા કાકા સાથે જમવા બેસીએ.

હીરા કાકા રોજ એક નવી વાત લાવે. કાકા વાતો કરતા જાય ને અમને હસાવતા જાય. બા કહેશે: "હીરાભાઈ! જમવામાં તો ધ્યાન રાખો! વાતોમાં પેટ નહિ ભરાય."



પણ ત્યાં તો હીરા કાકા એવી વાત કાઢે કે અમે ય ખાવું ભૂલી જઈએ!

બપોર વચ્ચે બા ને હીરા કાકા ને રેવા કાકા ને ચંપા માશી, બધાં ભેગાં થાય ને ચોપાટ માંડે. કાકા તો કોણ જાણે કેવી રીતે દાવ નાખે, પણ સવળા જ પડે. બા તો એવાં ખિજાય, એવાં ખિજાય! પણ કાકા તો હસ્યા જ કરે.

પછી બા કહેશે: "ચાલો હીરાભાઈ, રેવાભાઈ, ચંપાબા! મને ઘઉંના કાંકરા વિણાવો."

અમે તો બધાં ઘઉં લઈને બેસી જઈએ ને બાનું દળણું થઈ જાય.

સાંજ પડે એટલે હીરા કાકા અમને ઉપાડે: મને અને ગંગાબેનને. અમને નદીએ લઈ જાય.

કાકાની સાથે એમના ભાઈબંધો પણ આવે. નદીમાં કાકા વીરડો ગાળે, પાણી આછું થવા દે ને પછી અમને ખોબે ખોબે પાય.

કોઈ દિવસ અમને દર્શને લઈ જાય. કાકા મને તેડીને ઊંચા ઘંટનો ટોકરો વગડાવે, પણ હું તો ટોકરો વગાડતાં ધરાઉં જ નહિ. કાકા

મને નીચે ઉતારે ને પાછો ઊંચો કરે. કેટલી યે વાર એમ કરે.

એક દિવસ અમને કાકા જાળોમાં રખડવા લઈ ગયેલા. જાળોનું જાણે વન હતું. એટલી બધી જાળો, એટલી બધી જાળો! કાકા તો ઉપર ચડીને સંતાઈ ગયા ને બોલે યે નહિ ને ચાલે યે નહિ. અમે તો રોવા જેવાં થઈ ગયાં. ત્યાં તો કાકા ખડખડાટ હસી પડ્યા!

પછી તો કાકાએ અમને પીલુ ખવરાવ્યાં. અમે તો ખૂબ થાકી ગયેલાં. હીરા કાકા કહે: " એકાદ ગાડું નીકળવા દો. "

ત્યાં તો ઓળખીતાનું ગાડું નીકળ્યું ને અમને બેસારી દીધાં.

હીરા કાકાને ફારસ કરતાં બહુ આવડે. જેના તેના ચાળા પાડે ને જાતજાતનાં મોઢાં કરે. રઘા પંડ્યાની જેમ જ ચાલે; પેમા વાણિયાની પેઠે જ બોલે; એવું બોલે કે જાણે જીવકો દરજી આવ્યો!

---

જાળ=પીલુડીની એક જાત ફારસ=ગમ્મત



કોણ જાણે કેમ એમને બધું આવડતું હશે.

હીરા કાકા સૌને એવા હસાવે, એવા હસાવે!

હમણાં તો હીરા કાકા મોટા થયા છે ને જૂનાગઢમાં નોકરી કરે છે.

★

# મોહન મામા

મોહન મામા બાના નાના ભાઈ. નામ તો એમનું મોહનલાલ પણ અમે એમને મોહન મામા કહીએ.

મોસાળ જઈએ ને મોહન મામા રેલગાડીએ સામા આવે.

બાના હાથમાંથી ભીખાને તેડી લે ને મને આંગળીએ વળગાડે.

બા પોટકું લઈને સ્ટેશન બહાર આવે.

મામા ગાડી ભાડે કરે ને અમને બેસારે. ગાડીવાળા પાસે મોઢા આગળ પોતે બેસે.

મામી તો અમને જોઈને ગાંડાંઘેલાં થઈ જાય. મનમાં એમ કે ભાણેજ કયાંથી ?

મામી તો ઝટ લાપશી કરે, મગ કરે ને કેરીનું અથાણું કાઢીને પીરસે.

મામી તો પીરસતાં જાય ને જાતજાતની વાતો કરતાં જાય. બાને 'બા' 'બા' કહીને વારેવારે બોલાવે ને કંઈક કંઈક પૂછ્યા કરે. મામીનાં કાંઈ હેત !



મામા સવારે ઊઠે ને મારકીટે જાય. શાક-પાંદડું લાવે, અને સાથે ભાણા માટે કંઈક ખાવાનું પણ લાવે. વખતે તરબૂચ લાવે, વખતે બોર લાવે, વખતે કાકડી લાવે ને વખતે કાંઈ ન મળે તો તાજા ગાંઠિયા લાવે.

અમે કહીએ : " કાં મામા, આજે શું લાવ્યા છો ? "

મામા સાંજે અમને ફરવા લઈ જાય. ફરવાની તો બીજી કોઈ જગ્યા નહોતી; રોજ સાંજે ગાડી આવે ને સ્ટેશને લઈ જાય.

ગાડી સ્ટેશનમાં આવી જાય ત્યાં સુધી અમે રહીએ, ને સ્ટેશન પર આંટા મારીએ.

રાત્રે ઘેર આવીએ. મામી કહેશે : " ચાલો ભાણાભાઈ! હવે વાળુવેળા થઈ ગઈ છે. "

મામી ખીચડી ઠારે, રોટલા કાઢે, પડખે ગૂંદાં ને કેરડાં મૂકે ને ઘરની ભેંશનાં દૂધ હેત કરીને ખવરાવે.

કહેશે : " બા ! ભાણાભાઈની સારુ એક ભેંશ રાખો. નીકર ગાય તો બહુ જ સારી. ભાણાભાઈ પાતળા છે તે દૂધ પીઈને સારા થશે. "

---

મારકીટ=બજાર, શાકપીઠ નીકર–નહિતર

વાળુ કરીને મામી એંઠવાડ કાઢતાં જાય ને વાતો કરતાં જાય. કહેશે : " ભાણાભાઈ! ભલે બધાં બહાર જઈ વાતો કરે; તમે અહીં બેસો. આપણે મામીભાણેજ ઠીક છીએ."

મામી હતાં તો નાનાં પણ ઠાવકાં હતાં. મામી રૂપાળાં યે હતાં. પગમાં સાંકળાં પહેરતાં, હાથમાં ચૂડી ને એક એક બંગડી પહેરતાં ને નાકે રૂપાળી નાની એવી ચૂની પહેરતાં.

અમે તો મામાને ઘેર ઘણા ય દિવસ રહેતાં. પછી તો બાપુનો કાગળ આવે એટલે પાછાં ઘેર જઈએ.

મામા અને મામી જવાની રજા આપે જ નહિ. કહેશે : " હવે આજનો દિવસ રોકાઈ જાઓ. હવે કાલે જજો. બસ, હવે આજ નહિ ને કાલ તો જજો જ." એમ કરતાં કરતાં તો કેટલા યે દિવસ કઢાવે.

પણ પછી તો બા કહે : " ભાઈ ! કાલ તો હવે જવું જ છે."

મામા અમને ગામમાં લઈ જાય; બાને સાડલો અપાવે પણ મને તો દુકાનમાંથી જે

ઠાવકાં=ડાહ્યાં; સમજુ



જોઈએ તે અપાવે. હું તો સોટી લઉં, બંદૂક લઉં, ગંજીપો લઉં; એવું એવું ઘણું લઉં.

અમે જતા રહેવાનાં એટલે મામીને તો ક્યાંઈ ગમે નહિ; મોઢું વીલુંવીલું થાય.

પછી તો બીજે દિવસ થાય ને મામા ગાડી લઈ આવે, ને અમે ગાડીમાં બેસીએ.

મામી તો બોલી ય ન શકે; આંખમાં આંસુ આવી જાય. કહેશે : " બા ! આવજો. એ....ભાણાભાઈ ! આવજો."

બાની આંખમાં યે આંસુ આવે. મામા પણ આંખ લૂછી નાખે. મને ય કાંઈક થઈ જાય.

પછી સ્ટેશન જઈએ ને ત્યાંથી ગાડીમાં બેસી ઘેર આવીએ.

★

# બા

બાનું નામ ચંચળબા.

બા વાને ઊજળાં અને ઊંચાં પડછંદ જેવાં હતાં.

બા પગે કડલાં, કાને ઠોળિયાં ને ગળામાં માળા પહેરતાં.

બા સેંથો વચ્ચે પાડતાં ને ઊંચો અંબોડો લેતાં.

બા કપાળે ચાંદા જેવડો ચાંદલો કરતાં ને દાંતની ચૂડલીઓ પહેરતાં.

બા વહેલાં ઊઠતાં; નહાતાં, ધોતાં ને પાઠ-પૂજા કરતાં. બા રોજ રામરક્ષા ને વિષ્ણુસહસ્ર-નામ વાંચતાં.

દસ વાગે બા રસોઈ તૈયાર કરે. બાપાને દસ વાગે કામે જવાનું: મારે અગિયાર વાગે શાળાએ જવાનું. બા ખાંત કરીને પીરસે ને હેત કરીને ખવરાવે. કહેશે: "જરાક આ ચાખો, જરાક આ ચાખો. આ તો જુઓ, નવું નવું

---
વાન=શરીરનો રંગ



છે." એમ કહીને કેટલું યે ખવરાવે.

નિશાળેથી આવું ને બા રોંઢો કરાવે. બા કહેશે: "જા બાપુ! રોટલી ઢાંકી છે, તે ગોળ ને રોટલી ખાઈ લે."

ત્યાં તો બાપા ગામમાંથી આવે. બાપા ખેસે બાંધીને કંઈક તો લાવ્યા જ હોય. બા બાપાને પાણી પાય ને ખેસ ઘરમાં લઈ જઈ ખાવાનું છોડી લે.

પછી સૌને બા આણ્યું હોય તે આપે.

બા કહેશે: "જેને મારી સાથે આવવું હોય તે દર્શને આવે."

હું ને નાનીબહેન તો બાની સાથેનાં સાથે. હું દસ વરસનો તો યે બા સાથે જાઉં.

બા અમને મંદિરે લઈ જાય; દેવને પગે લગાડે, ચોખા મુકાવે ને નમણ લેવરાવે.

સાંજ પડે ને અમે ઘેર આવીએ.

રાંધણું તો બા કરીને જ નીકળે.

પછી તો બા તુલસીક્યારે પાણી રેડે, દીવો કરે ને નૈવેદ્ય ધરે. પછી અમને નૈવેદ્ય વહેંચી દે.

બાપા હાથપગ ધોઈ માળા ફેરવે ને શંકર-બાપાને દીવો કરે.

બા વાળુ કાઢે ને અમે સૌ જમીએ. પછી બા એંઠવાડ કાઢે ને અમે બેસીએ.

અમારી આંખમાં તો ઊંઘ ભરાય. બા કહેશે : "હવે ઊઠો. ચાલો, આંખમાં કાંકરા ભરાય છે."

પણ અમે તો બાની સોડમાં પેસતાં જઈએ. અમે તો એમ ને એમ બાની પાસે જ ઊંઘી જઈએ.

કોણ જાણે ક્યારે ય બા ખાટલા પાથરતી હશે ને અમને સુવાડતી હશે; પણ સવારે તો અમે પથારીમાં જ પડચાં હોઈએ !

બાની તો બીજી ઘણી વાતો છે.

બાએ અમને એક એક પેટી આપેલી. અમારું બધું અમે એમાં રાખીએ.

સૌને ગોઠવી દે બા; ખોવાય તો શોધી આપે બા; પેટીઓ સાચવે ય બા. પણ પેટીઓ અમારી.

બાએ અમને એક એક ગોદડી આપેલી. અમે ત્રણ ભાંડુ હતાં. મોટાને મોટી ગોદડી,



વચલાને વચલી ગોદડી અને નાનાને નાની ગોદડી આપેલી.

'ગોદડિયાં' કહીને ય કોઈ કોઈ વાર બા અમને બોલાવે ખરી. કહેશે : "પેલી મોટી ગોદડી ક્યાં છે? નાની ગોદડી ક્યાં છે?"

ને બાપાએ પણ અમારાં નામ પાડેલાં; પણ બાપાએ જુદી જાતનાં પાડેલાં. મારું નામ 'ડોઘો' ને બહેનનું નામ 'ડઘોલ' પાડેલું.

બાપા તો રોજ નવાં નામ પાડે. બાપા રોજ પાડેલાં નામ ભૂલી જતા હશે ?

પણ બા તો અમને નામે જ બોલાવે.

☆

# કીલી ભાભુ

કીલી ભાભુ પાનિયાની બા. પાનિયો અમારી સાથે ભણતો.

પાનિયો જરા બહેરો ને અડધો સાજા-ગાંડા જેવો; કીલી ભાભુનો એકનો એક દીકરો.

ભાભુ કહેશે : "બાપુ ! આ પાનાને તમારી સાથે રાખજો. જોજો ભા ! ક્યાંઈ ભૂલો પડે નહિ; ને એને બે આંકડા શીખવજો."

અમારી સાથે પાનો ભણવા આવે. પાનો ભણે એવું સરખું. અમારી સાથે રમે અને સાંજ પડયે ઘેર આવે.

અમે કહીએ : "એ કીલી ભાભુ ! પાનાને સંભાળજો. પાને આજે એકડા ઉપર મીંડું માંડયું છે."

કીલી ભાભુ કહેશે : "એ સવારે આવજો, પાના સાથે સૌ રમવા."

સવાર પડે એટલે અમે બધા ભાભુને ત્યાં રમવા જઈએ.



ભાભુને ત્યાં વાડો હતો. એમાં અમે રમતાં. કીલી ભાભુને એક દીકરી હતી : પાતી. પાનો, પાતી ને અમે એકઠાં મળીને રમતાં. પાતી બહુ ડાહી હતી. અમને સૌને ચીર ચીર જમરૂખ આપે; પોતે તો વધે તો રાખે, નહિતર કહેશે : "કાંઈ નહિ, હું કાલે ખાઈશ." એમ તો પાનો યે બહુ સારો હતો. ભાભુએ કંઈક આપ્યું હોય તો અમારો ભાગ રાખે જ રાખે; એકલો કોઈ દિવસ ન ખાય.

અમે રમતાં હોઈએ ત્યાં કીલી ભાભુ દે'રે જઈને આવે. કહેશે : "કાં, રમો છો કે ? લ્યો હું તમારે માટે બે બદામ ને એક દાડમ લાવી છું. લે પાતી ! સૌને સરખા ભાગ પાડી વહેંચી આપજે."

કીલી ભાભુ તો પાછાં રસોઈએ વળગે. અમે પાછાં રમીએ. રમીએ. તે દસ વાગ્યા સુધી રમીએ ! પછી અમે ઘેર જઈને નાહી ધોઈ ને નિશાળે જવા તૈયાર થઈએ.

એવા તો ઘણા દિવસ ગયા. પછી તો અમે મોટાં થયાં ને જુદાં જુદાં થઈ ગયાં. પછી તો ક્યાં પાનો ને ક્યાં પાતી, ને ક્યાં કીલી ભાભુ ને

વાડો=ઘરની પાછળનો બંધ વાળી લીધેલો ભાગ

ક્યાં અમે !

પણ પરમ દહાડે કીલી ભાભુ એકાએક મળી ગયાં. મેં તો એમને પૂરાં ઓળખ્યાં યે નહિ ! સાવ ઘરડાંખખ થઈ ગયેલાં; માથે ધોળા વાળ, દાંત પડી ગયેલા, ગાલે ખાડા ને આંખે ઝાંખપ. પણ મને એમણે ઓળખી કાઢ્યો. કહે : “ એલા નાનકા ! તું અહીં ક્યાંથી ? ” પછી તો મેં પણ એમને ઓળખ્યાં ને કહ્યું : “ ભાભુ ! હું અહીં નિશાળમાં માસ્તર છું. તમારો પાનો ક્યાં છે ? ”

કીલી ભાભુ કહે : “ ખબર નથી ? પાને તો દુકાન માંડી છે. એના બાપા તો આંધળા થયા છે. ને હવે તો ઘડપણ આવ્યું ના ? જેવી ભગવાનની મરજી ! ”

મેં કહ્યું : “ ને ભાભુ ! પાતીબેન ક્યાં છે, પાતીબેન ? ”

ભાભુ કહે : “ લે ! પાતીબેન તો જૂનાગઢ છે. સાસરું બહુ સારું મળ્યું છે. બે ભાણા ને એક ભાણી છે; હમણાં બે મહિના પહેલાં જ આવી હતી. ”



હું પણ પાનાના ને પાતીના ખબર સાંભળીને ખુશી ખુશી થઈ ગયો.

પછી ભાભુને ઘેર લઈ આવ્યો, નાસ્તો કરાવ્યો ને એમના ઘર સુધી મૂકી આવ્યો.

☆

## ડોશીમા

ડોશી પાંસઠ વરસનાં પણ ખખડધજ. કેડ શું વળતી'તી? આંખે ઝાંખપ શાની હોય? કપાળે કરચલી કેવી?

ડોશી ચાલે તો જાણે ધમધમ થાય; ડોશી બોલે તો જાણે રણક્યાં.

માડીનું શરીર જૂના જમાનાનું. માએ નાનપણમાં ખૂબ ખાધેલપીધેલ : ઘરની ભેંશનાં ઘી ને દૂધ.

મા નાનાં હતાં ત્યારે ઝાડે ચડી આંબલી-પીપળી રમતાં : સીમમાં જઈ છાણ મેળવતાં, ને નદીએ જઈ તરતાં; ઘંટીએ બેસી દળતાં, ને ઘમ્મર વલોણાં ઘમકાવતાં.

વીશ વરસથી માજી એવાં ને એવાં ખડેલા જેવાં છે. એનાં એ નાક-મોં; એના એ હાથપગ, એવી ને એવી થડી. એક માથે કાળાં મટી ધોળાં થયાં છે.

હજી ડોશી કાકીમા કરતાં યે વહેલાં ઊઠે.

ખડેલા જેવાં=જુવાન જેવા        થડી=બાંધો



ડોશી નવી ભાભીથી યે વહેલાં ઊઠે. ઊઠીને કહેશે: "બધાં સૂઈ ક્યાં રહ્યાં? આટલું બધું કામ પડ્યું છે ને?"

પાંસઠ વરસે પણ ડોશી બે પાલી દળવાનાં તો ખરાં જ.

માજી રોજ આટલે બેસી છાશ વહેંચવાનાં તો ખરાં જ.

ને વહુવારુઓ કામમાં હોય તો ડોશી છાણ પણ થાપે ને વાસીદું યે કરે. બે રોટલા ઘડવા હોય તો ઘડી યે નાખે; અડચું ન રહે.

માડી કહેશે: "કામ ન કરીએ તો હાડકાં હરામનાં થઈ જાય ના?"

માજી હજી તો જુવાન જેવાં છે. પણ જુવાન જેવાં પણ ડોશીમા. સૌની મા તો ખરાં જ ના?

ડોશીમા દાતે બજર તો દે જ દે; બપોરે ડોશીમા કથા સાંભળવા તો જાય જ; સાંજે દર્શને પણ જાય; રાતે માજી છોકરાંઓને વાર્તા કહે ને રમાડે; રાતે માજી માળા પણ ફેરવે.

☆

# વીજી ભાભી

એક ઓશરીએ રહેતાં હતાં : કમો શેઠ અને અમે. અમે તો છેક નાનાં હતાં. કમા-કાકાને એક દીકરો હતો, અને દીકરાની વહુ હતી. અમે એને વીજી ભાભી કહેતાં. ભાભીનું નામ વિજયા હતું.

ભાભી શરીરે પાતળાં ને વાને ઊજળાં હતાં. ભાભી હાથે બંગડી પહેરે, પગે સાંકળાં પહેરે, નાકે ચૂંક ને કાને લવિંગિયાં પહેરતાં. સવારે ઊઠે, ચાંદલો કરે ને અંબોડો વાળે.

ભાભી અમને બહુ ગમતાં. અમે દિવસ આખો 'ભાભી' 'ભાભી' કરીએ ને પાછળ પાછળ ફરીએ; ભાભી કળશા માંજે તો પાણી લાવી આપીએ; ભાભી ચોખા વીણે તો અમે વિણાવીએ; ભાભી સંજવારી વાળે તો સૂપડું લાવી આપીએ. ભાભી મોં મલકાવતાં જાય ને વારેવારે સામે જોતાં જાય. ઘરમાં ખાવાનો વખત થાય અને બા બોલાવે ત્યારે માંડમાંડ અમે જઈએ.

નિશાળેથી ભણી આવીને પાછાં ભાભી પાસે



જઈએ. વીજી ભાભી કાં તો સાંધતાં હોય ને કાં તો ખીચડી ઓરતાં હોય.

પછી ભાભી દે'રે જાય, એટલે અમે ય એની સાથે દે'રે જઈએ.

બા કહેશે : "આપણે દે'રે ન જવાય."

ભાભી કહેશે : "એને કાંઈ વાંધો નહિ; એ તો આવે. મારી સાથે આવે છે ના ?"

અમે તો ભાભી સાથે દર્શન કરીએ. એની કોથળીમાંથી દે'રામાં ચોખા મૂકીએ ને 'જે જે' બોલીએ.

ભાભી કહેશે : "લે ! આ તો હવે વાણિયા ગઈ ગયાં !"

અમે કહીએ : "એ તો ભાભીએ અમને વાણિયા કરી દીધાં છે ને ? તમે ભાભી શું કામ થયાં ?"

જમીને પાછાં ભાભી પાસે પહોંચીએ. ભાભી અમારી આંખમાં આંજણ આંજે ને પોતે ય આંજે. પછી કહેશે : "ચાલો આપણે રમીએ." ભાભી અમને અકડીકકડી રમાડે, ઉકડમુકડ રમાડે, મીની ઠેકાવે ને કેટલી ય રમત રમાડે.

પછી ભાભી વાતો કરે : એની ને એના

ભાઈની; એની અને એના ગામની બાની ને એની નિશાળની. એવી એવી વાતો તો અમે સાંભળ્યા જ કરીએ.

બા કહે : "હવે સૂઈ જાઓ; દસ વાગ્યા."

ત્યાં તો કમાશેઠ ને રામજીભાઈ દુકાનેથી આવે ને અમે ઘરમાં જઈ સૂઈ જઈએ.

☆

## નંદુબા

નંદુબા મારાં મોટાં બહેન. એકનાં એક ને ખોટનાં. ખોટનાં એટલે તો દીકરાના મૂલનાં. નંદુબા ચોરણી પહેરે ને ઉપર પહેરણ પહેરે. માથે બોશલાને ઠેકાણે ટોપી મૂકે. હાથમાં કડલીઓ ને પગમાં સાંકળાં.

નંદુબા દાદાની દીકરી, દાદા બાપાના મોટા ભાઈ. મારે એકે ય બહેન નહિ, નંદુબાને એકે ય ભાઈ નહિ. અમે બે ભાઈબહેન : નંદુબા ને નાનાભાઈ. મારું નામ નાનાભાઈ.

ભાઈબહેન ઘરમાંથી નીકળતાં ને ફળિયામાં રમતાં : ઘોલકી ઘોલકી. નંદુબા ખોટું ખોટું રાંધવા બેસતાં; હું ખોટું ખોટું શાક લેવા જતો. નંદુબા ઠીંકરીમાં ધૂળની લાપશી અને કાંકરાનું શાક પીરસે, ને હું ઠીંકરીમાં ખાઉં. દાદા નીકળે ને કહેશે : "અલ્યાં રમો છો કે? રમો રમો." ભાભુ પૂછે : "એલાં ઘોલકી ઘોલકી રમો છો કે? ઠીક ઠીક."

નંદુબાને વાળતાં સારું આવડે, ગોઠવતાં

“ક્યાં ભાઈ! ઘોલકી ને મોળાકત ને એવું બધું સાંભરે છે ?”

મારાં છોકરાં મારી સામે જોઈ રહે છે. ને બબુ પૂછે છે : “બાપા ! તમે ઘોલકી ઘોલકી રમતા ?”

હું સામે હસું છું.